# સદગુણ કોને કહેવાય ?

\- - - - - - - - - - - -

સદગુણો ઘણાં છે પરંતુ આપણને પ્રત્યેકનો ચોક્કસ અર્થ ખબર હોતો નથી આથી આપણે સદગુણોને શબ્દ તરીકે લખવામાં કે બોલવામાં એક-બીજાની જગ્યાએ તેનો ઉપયોગ કરી નાંખતા હોઈએ છીએ. હિંમતવાન અને બહાદુર વચ્ચે શું ફરક છે? એ જ રીતે શૂર અને વીર કોને કહેવાય? બીકણ, કાયર, ભીરુ અને ડરપોક જેવા વિશેષણો વચ્ચે કયો તફાવત છે? દયા એટલે શું? અને કરુણાથી તે કેવી રીતે જુદી પડે? કોઈ પણ સદગુણ, સદગુણ ત્યારે જ બને કે જ્યારે એ કોઈ ચોક્કસ ઉચ્ચ વિચારધારા કે દિવ્ય પરંપરાનું વહન કરતો હોય. આજે તો કોઈ પણ માનવ-પ્રયત્ન સાથે સદગુણ જોડી દેવામાં આવે છે. ચાર જુવાનીયાઓ શરત લગાવે કે કોલેજની કોઈ ખાસ સુંદર યુવતીને તેઓમાંથી કોણ પોતાની બાઈક પર બેસાડીને લઈ જાય? જે આ કામ પાર પાડે એને બહાદુર ગણવામાં આવે. અહીં સામાન્ય માણસ ન કરી શકે એવું કામ જે કરી દેખાડે તેને બહાદુર કહે છે. પરંતુ સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે માણસ જોખમ ઉઠાવીને મુશ્કેલ જણાતું કાર્ય કરી બતાવે તેને બહાદુર ગણી શકાય, અન્યથા નહિ. વિજાતીય આકર્ષણ પ્રત્યેકમાં રહેલું છે એને પ્રગટ કરવામાં કોઈ બહાદુરી નથી. ઉલ્ટાનું છોકરીથી આકર્ષાઈને તેની પાછળ પડવામાં કૂતરાની વૃત્તિ પ્રગટ થાય છે. એક કાળે છોકરીઓની નજરમાંથી આવા છોકરાઓ ઉતરી જતા હતાં. વળી ઉચ્ચ સાંસ્કૃતિક પરંપરા ધરાવતા પરિવારના સંતાનોના લક્ષણો મવાલીછાપ ન હતા. આજે તો સંસ્કારી કુટુંબના યુવાનો પણ વિજાતીયતાની બાબતે મવાલીછાપ હરકતો કરવા માંડ્યા છે. આથી આધુનિક યુવતીઓ પોતાના ચક્કર કાપનાર આવા યુવાનોની હરકતથી ગૌરવ અનુભવે છે. જો કે મોટી ઉંમરે થતાં લગ્નો આને માટે જવાબદાર છે એ જુદી વાત છે.

પોતાનું બાળક નિશાળમાંથી કોઈની પેન્સિલ ચોરી લે કે બસમાં વગર ટિકીટ મુસાફરી કરી આવે કે ધક્કા-મુક્કી કરીને બે-પાંચ મુસાફરોને ગબડાવી દઈને વહેલા ટ્રેનમાં ચડી જઈને જગ્યા રોકી લે, બેફામ બાઈક કે કાર હંકારીને અકસ્માત કરે પછી મોટે-મોટેથી બુમો પાડીને, મારા-મારી કરીને અથવા એવું કાંઈ કર્યા વિના ભાગી છૂટવાનું શક્ય હોય તો ભાગી જાય એવા દીકરાને તેના મા-બાપ હોંશિયાર ગણતા હોય છે. હકીકતમાં ચોર કે બદમાશના આ લક્ષણો છે. હોંશિયાર તો એને કહેવાય જેને પોતાના કર્તવ્યાકર્તવ્યનું ભાન હોય.

સદગુણ-દુર્ગુણની પરખ ન હોવાને કારણે કર્ણ અને વિભીષણને ઓળખવામાં ભલભલાંએ ભૂલ કરી છે. કૃષ્ણ શાંતિદૂત બનીને કૌરવસભામાં ગયા હતા. દુનિયાભરના રાજાઓ ત્યાં એકત્ર થયા હતા. કૃષ્ણનું પ્રવચન સાંભળ્યા બાદ ત્યાં હાજર પ્રત્યેકને એક વાતની ખાતરી થઈ ગઈ હતી કે પાંડવો ધર્મના પક્ષે છે અને ધર્મ પાંડવ પક્ષે છે. દુર્યોધન અધર્મી છે ને તેના પક્ષે રહેનારા સહુ અધર્મને સાથ આપનારા છે. બુદ્ધિમાં ફરક થયો કે તરત કૃતિમાં ફરક થવો જરુરી છે. પોતાને ધર્મપાલક માનનારા અધર્મને સાથ કેવી રીતે આપી શકે? પરંતુ યુદ્ધના નિયમને કારણે તેમજ ભીતિને લઈને કોઈ દુર્યોધનને છોડવા તૈયાર થયું નહિ. બીજા બધાની વાત જવા દો, પરંતુ કર્ણનું શું? કર્ણ કહે છે કે આજીવન મોટા-મોટા ક્ષત્રિયો 'રાધેય' કહીને તેનું અપમાન કરતા રહ્યા ત્યારે એક માત્ર દુર્યોધને કર્ણને રાજ્ય આપીને તેને રાજા બનાવ્યો. દુર્યોધન કર્ણનો મિત્ર હોવાથી તેમજ પોતાના પર તેના અગણિત ઉપકાર હોવાથી પોતે દુર્યોધનને છોડી શકે તેમ ન હતો. ખરેખર કર્ણે શું વિચારવું જોઈએ? કર્ણ દુર્યોધનનો સાચો મિત્ર હોય તો જેવી કર્ણને ખબર પડી કે પોતાનો મિત્ર અધર્મના પક્ષે છે અને અધર્મના પક્ષે રહેવામાં મિત્રનું અહિત થઈ રહ્યું છે તો કર્ણે પોતાના મિત્રને અધર્મના પક્ષે જતો રોકવો જ રહ્યો. એ માટે તમામ પ્રયત્નોના ભાગરુપે એક તબક્કે પોતે દુર્યોધનને છોડી રહ્યો છે એવી જાહેરાત કરે તો પણ શક્ય છે કે દુર્યોધન અધર્મના પક્ષેથી પાછો વળી જાય. કૃષ્ણ પણ આ જ ઈચ્છતા હતા. પછી પણ દુર્યોધન ના માને તો કર્ણને એટલું તો આશ્વાસન રહે જ છે કે પોતે સાચા અર્થમાં મિત્રધર્મ બજાવ્યો છે. ત્યારબાદ કર્ણ ઈચ્છે તો બલરામની જેમ યુદ્ધવિમુખ રહી શકે છે.

જે ક્ષણે સત્ય સમજાય તે જ ક્ષણે તેના આચરણની તૈયારી રાખવી જરુરી છે. કર્ણ આવું ન કરી શક્યો તેનું શું કારણ? દુર્યોધનનું ખાધેલું અન્ન તેને સત્ય બોલતા રોકતું હતું? કર્ણને ખબર તો પડી ગઈ હતી કે દુર્યોધને કર્ણને જે રાજ્ય આપ્યું છે તે ખરેખર તો કર્ણનું જ છે અને દુર્યોધને એ સિવાય પણ પોતાની પાસે જે રાખ્યું છે એ રાજ્ય પણ કર્ણનું જ છે. છતાં દુર્યોધને કર્ણને અપમાનજનક પરિસ્થિતિમાંથી ઉગાર્યો હતો આ વાત કર્ણ કેમ ભૂલી શકે? પોતાની માએ કર્ણને છોડી દીધો પણ દુર્યોધને પોતાને છોડ્યો ન હતો. તો પછી દુર્યોધનને સાથ આપવો એટલે શું? દુર્યોધનનું અહિત થતું હોય તો થવા દેવું? 'પોતે દુર્યોધનના પક્ષે રહીને લડશે' આમ કહેવામાં દુર્યોધનને સારું લાગવાનું છે એ વાત ચોક્કસ છે. પરંતુ દુર્યોધનનું અકલ્યાણ થવાનું છે એ વાત પણ ચોક્કસ છે. શું પોતાના મિત્રનું અકલ્યાણ થવા દે એવો કર્ણ હતો? જીવનમાં શેનું મહત્વ છે: લાગણીનું કે વિચારનું? કે પછી આજીવન પોતે પાંડવો પ્રત્યે, દ્રૌપદી પ્રત્યે વેરની આગમાં તડપતો રહ્યો એ વાત કર્ણ ભૂલ્યો ન હતો?

આ સંદર્ભમાં વિભીષણને આપણે તપાસીએ. કેટલાંક વિદ્વાનો? કહે છે કે વિભીષણે પક્ષપલટો કર્યો. વિભીષણ રાવણના પક્ષમાં ક્યારે હતો? રાવણના કોઈ અધાર્મિક કાર્યનું વિભીષણે ક્યારેય સમર્થન કર્યું હોય એવું રામાયણમાં નથી. બલ્કે રાવણના દરેક અધાર્મિક કાર્યનો વિભીષણે ખુલ્લંખુલ્લા વિરોધ કર્યો જ છે. રાજપરિવારના સભ્ય હોવાને નાતે લંકાની પ્રજાનું હિત જોવાની જવાબદારી વિભીષણની હતી. લંકાનો રાજવી અધાર્મિક હોય અને તેના કારણે પ્રજાનું અહિત થતું હોય તો તેવા રાજાને ઉથલાવી નાખીને ધાર્મિક રાજા નીમવો એ વિભીષણનું કર્તવ્ય હતું. પછી એ રાજા પોતાનો ભાઈ જ કેમ નથી! રાવણનું ખાઈને રાવણનું જ ખોદ્યું-એવું ઘણાં કહે છે. પરંતુ એ વાતમાં કોઈ દમ નથી. રાજવી પરિવારના સભ્ય હોવાને નાતે વિભીષણ વિશાળ સંપત્તિનો માલિક હતો. રાવણે પોતાની વાસના સંતોષવા સમગ્ર લંકાને દાવ પર લગાવી દીધી. જો વિભીષણ રામ સાથે ન હોત તો લંકાનો સર્વનાશ થયો હોત. વિભીષણે ભગવાન રામને માર્ગદર્શન કર્યું જેથી લંકાની ખુવારી અટકી ને માત્ર લંકાની પ્રજાના દુશ્મનો જ હણાયા. આજે કેટલાક દુઃષ્ટ રાજકારણીઓ દગો કરે છે, પક્ષનો તેમજ પ્રજાનો દ્રોહ કરે છે અને કહેનારા કહે છે કે એણે વિભીષણવાળી કરી.

Dinesh-Vadasan
9377209292

BACK to

[www.vadwala.com](www.vadwala.com)